# પરિપત્ર

## ખાસ અગત્યનું

આથી યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ભારત સરકારશ્રીની નિતી અનુસાર કેન્દ્ર સરકાર તથા ICAR ની તમામ યોજનાઓની ગ્રાન્ટ PFMS (પબ્લીક ફાઈનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ) દ્વારા આ કચેરીનાં બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ ગ્રાન્ટ જમા કરવામાં આવે છે, પરંતુ તેની સાથે ગ્રાન્ટ ફાળવણીનાં પત્રો PFMS માં સામેલ હોતા નથી તેમજ ફંડીંગ એજન્સી તરફથી પણ ગ્રાન્ટ ફાળવણીનાં પત્રો સમયસર આ કચેરીને મોકલવામાં આવતાં નથી જેને કારણે આવું જમા થયેલ ફંડ ફાળવણી કર્યા વગર પડતર રહેવા પામે છે. જેથી આ બાબતે જે કોઈ સ્કીમ (યોજનાઓ) ઈન્ચાર્જ દ્વારા ફંડની માંગણી કરવામાં આવેલ હોય તો તેના આધારો અથવા ફંડીંગ એજન્સી તરફથી મળેલ ગ્રાન્ટ ફાળવણીનાં હુકમો મળેલ હોયતો તે તાત્કાલીક રજુ કરી ગ્રાન્ટ મેળવી લેવા જણાવવામાં આવે છે.

વધુમાં વણ–ફળવાયેલ ગ્રાન્ટની વિગત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પરિપત્ર દ્વારા નિયમીત મુકવામાં આવે છે. જે પણ જોઈ જવા વિનંતી.

હિસાબ નિયામક

જા.નં. નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/૧૫૩૮/૨૦૧૮
નવસારી, તારીખ : ૧૬ /૦૩/૨૦૧૮

**નકલ સવિનય રવાના :**

અત્રેની યુનિવર્સિટીના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ થવા સારૂ.